॥ શ્રી હરિ: ॥

# આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ



: રાસના પદો :
અર્થાનુવાદ
શ્રીમતી કલ્પનાબેન પી. શાહ
ફોન : ૨૪૯૨ ૭૪૫૫

: કીર્તનકાર :
શ્રીજમનાપ્રસાદજી શર્મા
ફોન : ૬૬૯૯ ૯૩૫૦

**પ. ભ. શ્રી હર્ષલ પોરેચા તથા વંશ હરિદાસજી**
પ્રસ્તુત કરે છે.

## શ્યામ સજની શરદ રજની

Scanned by CamScanner

||શ્રી હરિઃ ||

## ષડ્ઋતુઓનાં કીર્તનોની કેસેટમાલાનું છઠ્ઠું મોતી

# ''શ્યામ-સજની, શરદ રજની''

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા સંચાલિત, શ્રી વલ્લભ કૃપા કીર્તન મંડળ, ષડ્ઋતુઓનાં કીર્તનોની કેસેંટમાલાનું છઠ્ઠું મોતી-રાસના પદોની કેસેટ, સી.ડી. તથા પુસ્તિકા ''શ્યામ-સજની, શરદ રજની'' પ્રગટ કરતાં અત્યંત આનંદનો ભાવ અનુભવે છે. આ કાર્યમાં આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદને સહયોગ આપવા બદલ, પ.ભ. ભાઈશ્રી હર્ષદભાઈ પોરેચા તથા પ.ભ. ભાઈશ્રી વંશહરિદાસ ભાઈનો પરિષદ, હૃદયપુર્વક આભાર માને છે.

**રાસ એટલે શું ?**

રસરાજ પ્રભુ રસેશ્વર છે. રાસેશ્વર છે. ''રસાનામ્ समुहः रासः।'' રસોનો સમુહ

એટલે રાસ શ્રી ગોપિકાઓએ દસ ઈન્દ્રિયો અને અગ્યારમાં મન દ્વારા, જે ભિન્ન ભિન્ન રસોની એક સાથે અનુભૂતિ કરી તે આમ રાસ શબ્દના મૂળમાં રસ છે. અને "रसो वै सः। એ શ્રુતિથી સ્પષ્ટ થાય છે. કે પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા રસરૂપ છે. આથી પ્રભુ રસેશ્વર છે. – રાસેશ્વર છે.

લૌકીક રાસમાં પણ, સ્ત્રીઓ અને પુરુષોએ ગાયન અને વાદન સહિત કરેલાં નર્તનને, રાસ કહેવામાં આવે છે. એનું અવલોકન આનંદ આપે છે. એના સૂર અને તાલના ઠેકે મનમયૂર નાચી ઊઠે છે, અને હૃદય આનંદરસથી છલકાઈ જાય છે. આ તો માત્ર લૌકિક રાસની વાત છે.

પરંતુ જ્યારે રસરુપ પરમાત્મા, નિજસ્વરુપા શક્તિઓ સાથે રમણની ઈચ્છા કરે, ત્યારે યશોદાનંદન રૂપે અવતરિત થાય અને પ્રભુશ્યામસુંદર એની પ્રાણપ્રિય ગોપિકાઓ સાથે રાસ રચે. એક જ રસ, અનેક રસોના રૂપમાં, અનંત રસોનું આસ્વાદન કરે. ત્યારે એ મહારાસ કહેવાય.

શ્રીમદ્ભાગવતનજીમાં 'રાસપંચાધ્યાયી' નું અદકેરું મહત્વ છે. દશમસ્કંધ એ



Scanned by CamScanner

ભગવાનનું હૃદય છે, તો, રાસપંચાધ્યાયીના પાંચ અધ્યાયો એના પંચપ્રાણ છે.

આ રાસપંચાધ્યાયીંના પ્રથમ શ્લોકમાં આવતાં 'ભગવાન' અને 'યોગમાયા' શબ્દો અત્યંત મહત્વના છે. કારણકે આ બે શબ્દો દ્વારા એ ફલિત થાય છે કે અહીં લૌકિક રાસની વાત નથી. ભગવાન અલૌકિક છે અને યોગમાયાને સાથે લઈને શરદની એ ઉત્ફૂલ્લ રાત્રિએ ગોપિકાઓ સાથે રાસ-મહારાસ રચે છે.

ઘણાં અજ્ઞાની જનો આ રાસલીલાને કામલીલા, વિષયલીલા માનવાની ચેષ્ટા કરે છે. એમને માત્ર એટલીજ શીખ આપી શકાય કે, જો સાકરના ગાંગડાને તુંબડાનો આકાર આપવામાં આવે તો એના ગુણોમાં કોઈ પરિવર્તન થતું નથી. તેમ અલૌકિક પરમાત્મા, માનવદેહ ધરે તો લૌકિક બની જતાં નથી. એ તો અચ્યુત જ રહે છે. બીજી મહત્વની વાત એ કે - પ્રભુ સાથે રાસ રમનારાં કોઈ લૌકિક સ્ત્રીઓ નથી. તેઓ ''भगवत् प्रिया:'' હતાં, શ્રુતિરૂપા-ૠષિરૂપા હતાં - આથી અલૌકિક જ હતાં.



Scanned by CamScanner

આમ રાસલીલાનો સમગ્રપ્રસંગ અલૌકિક જ છે. સર્વાન્તરયામી પરમાત્માનો જીવો સાથેનો આ તો નીત્યવિલાસ છે. આ રાસલીલા દ્વારા એટલું જ ફલિત થાય છે કે એમાં પ્રકૃતિ અને પુરુષ વચ્ચે, જીવ અને શીવ વચ્ચે જે સનાતન ક્રીડા ચાલી રહી છે, રાસલીલા એની આધિદૈવિકી અભિવ્યકિત છે.

આ રાસલીલાનાં પદોનું અવગાહન એના ભક્તજનોને કોઈ અલૌકિક અનુભૂતિનો આનંદ આપે છે. આ પદોનો પ્રભાવ એવો છે કે આ પદોદ્વારા પ્રભુની આ દીવ્યલીલાનાં પ્રત્યક્ષ માનસી દર્શન થાય છે.

તો ચાલો શત શત ચન્દ્રમાની ચાંદનીથી રસેલી, શરદની એ મહારાત્રિએ, યમુનાના તટ ઉપર, મન્મથમન્મથ પ્રભુ અને ગોપિકાઓ વચ્ચે રચાયેલાં એ દીવ્ય, આધિદૈવિક રાસનું, શ્રવણ અને ભાવાત્મક દર્શન કરવા શ્યામઘન સુંદર પ્રભુને પ્રાર્થના કરીએ.



Scanned by CamScanner

# अब हमहु बेनु सुनावहु श्याम .......

હે પરમાત્મા,

શતસહસ્ત્ર વર્ષોથી તારાથી અમે વિખુટા પડયાં છીએ. હે કૃપાનિધાન, આ ધરતીના અમે પુષ્ટિ જીવો શરદસમયની એ તારી વેણુનો નાદ સાંભળવા તલસી રહ્યાં છીએ. હે શ્યામઘનસુંદર અમારી પ્રાર્થના સાંભળી અમને આપની એ આધિદૈવિક વેણુનો નાદ શ્રવણ કરાવી રાસરમણની અમારી ઈચ્છાને પૂર્ણ કરો

**રાગ : સોરઠ** **તાલ : રૂપક**

अब हमहु बेनु सुनावहु श्याम । (अब हमसंग रास रचावो कान्ह)
बेनु बजाय बुलावहु हमको
लै लै हमरो नाम ।।१।।
कबकी राह देखत हम ठाडी
सुनन मधुर स्वर गान ।



Scanned by CamScanner

कृपासिंधु कृपाकरो हमपर
पूरणकरो हमरो सब काम ।।

## (२) आज तेरे सांवरेने बंसरी बजाई है माई ।

કૃપાનિધાન પરમાત્માએ, શરદની એ રાત્રિએ નિરભ્ર આકાશમાં પૂર્ણચન્દ્રને ઊદિત થયેલોનિહાળ્યો. રસરાજ પ્રભુ રસપરવશ બન્યા. ભક્ત જનોની ઈચ્છાને પૂર્ણ કરવા પ્રભુએ ગોપિજનોને રાસનું નિમંત્રણ આપતું વેણુવાદન આરંભ્યુ.

આ કંઈ કેવલ વેણુનાદ ન હતો વેણુનાદદ્વારા પ્રભુએ પોતાના રસાત્મક સ્વરુપને ગોપિકાઓમાં પધરાવ્યું. માત્ર ગોપિકાઓજ શા માટે ! જડ-ચેતન-સ્થાવર જંગમ અને પ્રકૃતિના સમગ્ર તત્વો પર પ્રભુની એ વેણુએ જાણે જાદુ કર્યો.

સૂરના સ્વામિ ભક્તકવિ સૂરદાસજી વર્ણવે છે કે આજે પ્રભુએ એવી બંસી બજાવી છે કે ચલ યમુનાના નીર, મૃગ, મીન સર્વ, જાણે અચલ બની ગયાં. પચન થંભી ગયો અને રક્તવર્ણો શરદનો એ ચન્દ્રમાપણ પશ્ચિમ તરફ ગતિ કરવાનું ભૂલી ગયો.



Scanned by CamScanner

આવો રાગ જયજયવંતિના સ્વરે મઢેલું અને ઝપતાલમાં નિબદ્ધ, મહારાસની પૂર્વભૂમિકા રૂપ મુરલીનાં આ પદનું શ્રવણ કરીએ.

**રાગ : જૈજૈવંતી** **તાલ : ઝપતાલ**

माई आज तेरे सांवरेने, बंसरी बजाई है । थकीत यमुनाको नीर ।। वछरा न पिवे क्षीर, धीरधरे मृग मीन, अचल चलाई हे माई । थकीत उड्डगनपती, पवनकी मंदगती । यही गती जादोपती । जे जे वंती गाई है माई । सुर के प्रभुकी बंसी बाजे अती निकी, सुनी ता को लाग्यो बाण वहीतन जान हे माई ।

**(૩) विशद कदंब सघन वृंदावन ......**

શરદપૂનમની એ રાત્રિ, સઘન વૃંદાવન, યમુનાપુલિન અને કંદબવૃક્ષ-આવા સંમોહક વાતવરણમાં, ગોપિકાઓને ઈચ્છિત ફલનું દાન દેવાની ભાવનાથી,

એ અલૌકિક રાત્રિએ પ્રભુ, કલીંબીજની તાન છેડે છે. એ મોહક તાન શ્રવણે પડતાં જ, મંત્રમુગ્ધ બનેલી એ ગોપિકાઓ સાન-ભાન ભૂલે છે. ઊલટપુલટ શણગાર સજી, પ્રફુલ્લિત હૃદયવાળી, ગોપિકાઓ, ભાવોદેહથી પરવશ બની, કોઈ અદીઠ બંધનમાં બંધાઈ હોય તેમ, બંસીબટ નીચે બીરાજમાન નંદલાલને નિહાળે છે અને પ્રભુનું દર્શન થતાં જ ધન્ય ધન્ય બને છે.



Scanned by CamScanner

હૃદયમાં અનેરા સ્પંદનો જગાડનાર સુમધુર રાગ તોડીના સ્વરો છે. દાસસખીની આ રચના છે. તાલ છે. ચૌતાલ પદના બોલ છે. વિશદ કદંબ સઘન વૃંદાવન.

**રાગ : ટોડી** **તાલ : ચૌતાલ**

विशद कदंब सघन बृंदाबन रच्यो रास तरणि तनयातट । शरदनिशा उडुपति उजियारी पूर्यो नाद मुरली नागरनट ।।१।। श्रवण सुनत चली ब्रजसुंदरि साजि सिंगार पेहेर भूषणपट । अति हुलास कुमदिनी प्रफुल्लित निरखलाल ठाडे बंसीबट ।।२।। मंडलमधि नाचत पिय प्यारी गावत स्वर टोडी तानबिकट । दास सखी देखत नयननभर, वार फेर डारों कोटि मदनभट ।।३।।

## (४) देखोदेरवोरी नागरनट निर्तत कांलिंदी तट

ભકતકવિશ્રી નંદદાસજી પ્રભુની રાસલીલાનાં દર્શન કરતા ગાઈ ઊઠે છે કે

''દેખો દેખોરી નાગરનટ, નર્તતકાલિંદી તટ
ગોપિનકે મધ્યરાજે મુકુટ લટક.''.....

પ્રભુની મનમોહક છબિનું દર્શન ભકતકવિને થઈ રહ્યું છે. પ્રભુએ કટિ ઉપર કાછની અને કિંકિણી ધારણ કર્યા છે. તો પીત પિતાંબરની શોભા કંઈક ન્યારી જ



Scanned by CamScanner

છે. પ્રભુએ અંગિકાર કરેલાં કુંડલોની આભા એવી છે કે સૂર્યના રથની ગતિપણ થંભી જાય. નૃત્યની વિવિધ ભંગિમાં કરતા પ્રભુ, મુરલીનાં સુરોમાંથી રાધે રાધેની રટ લગાવી રહ્યા છે, અને ભકતકવિનું ભાગ્ય તો જુઓ નંદદાસજી વર્ણવે છે કે

"नंददास गावे तहां निपट निकट ।" રાગ ભટિયારનાં સૂરો છે. તાલ છે ચૌતાલ.

**રાગ : ભટિયાર** **તાલ : ચૌતાલ**

देखोदेखोरी नागरनट नर्तत कालिंदी तट गोपिन के मध्य राजे मुकुट लटक । काछिनी किंकणी कटि पीतांबरकी चटक कुंडल किरण रवि रथकी अटक ।।१।। ततथेई ताताथेई शब्द उघटत उरप तिरप लेत पगकी पटक । रासमें श्रीराधे-राधे मुरली में याही रट 'नंददास' गावे तहां निपट निकट ।।२।।

### (५) चलहु राधिके सुजान, तेरे हित गुणनिधान ......

રાસક્રીડા માટેની સર્વ ઉદ્દીપક સામગ્રી તૈયાર છે. પ્રભુ મધુર મધુર મુરલી બજાવી રહ્યા છે. શીતલ મલયાનીલ પવન મંદ મંદ ગતિએ વાઈ રહ્યો છે.



Scanned by CamScanner

વિકસીત કમલપુષ્પોની સુવાસથી સમગ્ર વનપ્રદેશ સુવાસિત બન્યો છે. સાથે શરદનો ચન્દ્રમા વિમલ ચાંદની વરસાવી રહ્યો છે. સખિઓ રાધાજીને સંબોધી રહી છે કે હે સખિ, આવા અલૌકિક વાતાવરણમાં તારી સાથે રાસ રમવા, રાસબિહારી પ્રભુએ સર્વ તૈયારી કરી લીધી છે એટલુજ નહી તારી સાથે રાસ રમવા અધિર પ્રભુ મુરલીમાથી પણ રાધે રાધેની રટ લગાવી રહ્યા છે. માટે હે શ્યામાપ્યારી શ્રી ગોવર્ધનધર સાથે વિવિધ વિલાસો દ્વારા, આ સુખસમુદ્રમાં વિહાર કરવા તું પધાર.

ભક્તકવિ શ્રી. કુંભદાસજીની, બાનીમાંથી પ્રગટેલું આ પદ છે. જેનો રાગ છે. બિલાવલ અને તાલ છે. એકતાલ પદના બોલ છે. ચલહુ રાધિકે સુજાન તેરે હિતગુણ નિધાન.

**રાગ : બિલાવલ** **તાલ : એકતાલ**

चलहु राधिके सुजान, तेरे हित गुणनिधान, रासरच्यो कुंवरकान्ह, तट कलिंदिनी । नर्तत युवती समूह, रास रंग अति कौतूहल, बाजत रस मुरलिका



Scanned by CamScanner

आनंदिनी।।१।। बंसीवट निकट जहाँ, परम रमन भूमि तहां, सकल सुखद बहत मलय वायु मंदिनी। जाती ईषद विकास, कानन अतिशे सुवास, राका निस शरद मास, बिमल चांदिनी।।२।। 'कुंभनदास' प्रभु निहार, लोचनभर घोखनारि, नखशिख सौंदर्य सीम, दुख निकंदिनी । बिलसे भुज ग्रीव मेल, भामिनी सुख सिंधु झेल, गोवर्द्धनधरनकेलि, जगतबंदिनी ।।३।।

## (६) रासमें रसभरी राधिका आवे —

રાસનાં પદોનાં અધિષ્ઠાતા, અષ્ટસખાઓમાંના એક શ્રી. કૃષ્ણદાસજીની બાનીમાંથી પ્રગટેલું આ સુંદર પદ છે. જેવા પ્રભુ શ્યામસુંદર રસરુપ છે. તેવા જ રસભર શ્રી રાધિકાજી છે શ્રી કૃષ્ણદાસજી આ લીલાનું પ્રત્યક્ષ દર્શન કરતાં વર્ણવે છે કે ક્યારેક તાંડવની મુદ્રા. તો ક્યારેક લાસ્યની મૃદુ મોહક ચાલમાં, પ્રિય સાથે નૃત્ય કરતાં, ચંચલ નેત્રોના કટાક્ષ અને મૃદુ મુસકાન દ્વારા, પ્રાણપતિને રીઝવતા રાધિકાજીનું સુંદર શબ્દોચિત્ર, આ પદદ્વારા આપણાં માનસપટ ઉપર ખડું થાય છે. રાગ હમીરના સુરોએ ગૂંથાયેલાં અને ઝંપતાલમાં નિબદ્ધ આ પદનો રસાનંદ લઈએ.



Scanned by CamScanner

**રાગ : હમીર** **તાલ : ઝપતાલ**

रासमें रस भरी राधिका आवे । बाहु पिय अंस धरि, हंस गति लटकती, कुच कनक घट व, रसिक मन भावे ।।१।। तिरप तांडव लास्य, उरप सुलफनि, भेद, निर्तत पीय संग, मधुर कल गावे । लोल कटि देश मूरति रत्न मेखला, नूपुर क्वणित हस्तक दिखावे ।।२।। चपल मोहे नेंन रूचिर मुसक्यावनी रूप गुन रासि प्रानपति रिझावे । बृषभाननंदनी, गिरिधरन नंदसुत, चरन रेणु नित तहां, 'कृष्णदास' पावे ।।३।।

## (૭) રાસ વિલાસ ગહે કરપલ્લવ ...

આ પદ વાંચતા જ રાસપંચાધ્યાયીના ૩૩ મા અધ્યાયના ત્રીજા શ્લોકનું સ્મરણ થાય છે. રાસના અનંત મંડળો રચાયાં છે. બે-બે ગોપિકાઓની મધ્યમાં કુંવરકાન્હ શોભી રહ્યા છે. સખિઓએ અન્યોન્યનો હસ્ત ધર્યો છે, તો શ્યામસુંદર ઊભય ગોપિકાઓની ગ્રીવા ઉપર હસ્તકમલ પધરાવી નૃત્ય કરી રહ્યા છે. રસ એવો જમ્યો છે કે ગોપિકાઓ દેહભાન ભૂલી ગઈ છે. એમની મુકતામાળ તુટી ગઈ છે. કેશ અસ્તવ્યસ્ત થયા છે. ધારણ કરેલી પુષ્પમાલાનાં પુષ્પો ખરી પડયાં



Scanned by CamScanner

છે. શરદની એ 'વિમલ' રાત્રિએ ગોપિઓ પોતાના પ્રાણપ્રિય સાથે અલૌકિક રસનો આનંદ માણી રહી છે. અષ્ટસખોઓમાં મેરુ, શ્રી સૂરદાસજીની બાનીમાંથી પ્રગટેલું આ પદ છે. રાગ માલવના સૂરો છે. તાલ છે તિનતાલ. પદના બોલ છે.

રાસ વિલાસ ગહે કરપલ્લવ એક એક ભુજ ગ્રીવા મેલી

**રાગ : માલવ** **તાલ : ત્રીતાલ**

रास बिलास गहें करपल्लव, एक-एक भुज ग्रीवामेली। द्वे - द्वे गोपी बिचबिच माधो, नर्तत संग सहेली।।१।। टूटपरी मोतिनकी माला, ढूंढत फिरत सकलग्वारी। विगलित कुसुम माल कच विलुलित, निरख हँसे गिरिवरधारी।।२।। शरद विमल नभ चंद बिराजे नर्तत नंदकिसोरा। 'परमानंद' प्रभु बदन सुधानिधि, गोपी नयन चकोरा।।३।।

રાગ કાન્હરાના કમનિય સૂરોથી ગૂંથાયેલા અને ધમાર તાલમાં નિબધ્ધ આ પદનું શ્રવણ કરીએ.



Scanned by CamScanner

## (૮) નાગરી નટનારાયણ ગાયો. ....

ગોપિકાઓ મત્ત બનીને નૃત્ય કરી રહ્યા છે, અને શ્યામસુંદરની મોરલીના નાદ સાથે અનુસંધાન કરી, ઉચ્ચ સ્વરે ગાન કરી રહ્યાં છે. ત્યાંજ સ્વામિનિજી, રાગ નટ-નારાયણનાં સુમધુર સુરો છેડે છે. રાસને રોચક બનાવવા રાધિકાજીએ પગમાં ઘુંઘરુ અને હસ્તમાં જંત્ર ધારણ કર્યા છે. જૈને કારણે સ્વામિનિજીનું નૃત્ય નયનરમ્ય બન્યું છે. ભિન્ન ભિન્ન મુદ્રાઓ અને અંગમરોડ સહિત, વિવિધ લયમાં ગતિકરી, શ્યામાપ્યારી - મુરલીમનોહરને રીઝવી રહ્યાં છે અને રાસમાં અનેરી રંગત જમાવી રહ્યાં છે. વ્યાસદાસજી પ્રભુની આ રાસલીલાનાં દર્શન કરી ધન્ય ધન્ય બન્યા છે.

ભક્ત કવિ શ્રી. વ્યાસદાસજીની આ રચના છે. રાગ નટનારાયણના સંમોહક સૂરો છે. તાલ છે ઝપતાલ.



Scanned by CamScanner

**રાગ : નટનારાયણ** **તાલ : ઝપતાલ**

नागरि नट नारायण गायो ।। तान मान बंधान सप्त स्वर रागसो राग मिलायो ।।१।। चरन घूँघरु जंत्र भुजन पर नीको झमक जमायो ।। तत थेई ततथेई लेत गति में गति पति ब्रजराज रिझायो ।।२।। सकल त्रियन में सहज चातुरी, अंग सुधंग दिखायो ।। व्यास स्वामिनी, धन्य धन्य राधा रास में रंग मचायो ।।३।।

**(९) गिडगिड तां तां तां धितां धितां मंदिलरा बाजे । .....**

આ પદ વાંચતાજ, સમગ્ર ચેતનામાં રાસની ઉન્માદકતા છવાઈ જાય છે. મૃદંગ, ચંગ, વીણા જેવા અનેક વાજીંત્રો વાગી રહ્યાં છે. મંદિલરાની ધ્વની "गिडगिड तां तां" અને એમાં સાથ મીલાવતો ધિધિકટ ધિધિકટ તાંધિલાં તાંધિલાંનો ધ્વની સમગ્ર ગગનમંડળમાં ગાજી રહ્યો છે. આ તાલના ઠેકે ઠેકે સ્વામિનિજી સાથે અદ્‌ભૂત રીતે નૃત્યકરતા નટવરનાગરને નિહાળી કોટિ કોટિ કામદેવ પણ લજ્જિત થાય છે. ભકતકવિ શ્રીકૃષ્ણદાસજીનું આ પદ સ્વામિનિજી સાથે નૃત્ય કરતા શ્યામસુંદરનું સુરેખચિત્ર માનસપટ ઉપર ખડું કરી દે છે. રાગ બાગેશ્રી કાન્હરાના સૂરો છે. તાલ છે.



Scanned by CamScanner

**રાગ : બાગેશ્રી કાન્હરો** **તાલ : ધ્રુપદ**

गिडगिड तां तां तां धितां धितां मंदिलरा बाजे ।। तांधिलां धिलां धिलां, धिधिकट धिधिकट, थननननन थुंग, गिड गिड थुं, गिड गिड थुं, घन प्रचंड गाजे ।।१।। थुंग थुंग थुंग थुंग, थुंग थरथर, तननननननन थेई थेई, शब्द उघटत नटवर नट राजे ।। कृष्णदास प्रभु गिरधर, प्यारी संग नृत्य करें, अंग अंग कोटि सुलक्षण, मन्मथ मन लाजे ।।२।।

**(१०) राग कान्हरो तुमही पें सुनियत सुन वृषभाननंदनी राधे ।**

રાસ ખેલમાં અનુપમ ગતિથી નૃત્ય કરતાં, શ્યામાપ્યારીએ રાગ કાન્હરાના સૂરો છેડ્યાં છે. નિજ પ્રાણવલ્લભા સ્વામિનિજીને મંત્રમુગ્ધ બની શ્યામસુંદર નિહાળી રહ્યા છે. સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ જેની પ્રશંસા કરે, એવા રસસિંધુ શ્રી. રાધિકાજીની નિપુણતાને શબ્દોમાં વ્યક્ત કરવાનું એક જીવનું સામર્થ્ય કેટલું ? રાગ કાન્હરાના કામનિય સૂરોથી ગુંથાયેલા અને ધમાર તાલમા નિબદ્ધ આ પદનુ શ્રવણ કરિયે.



Scanned by CamScanner

**રાગ : કાન્હરો** **તાલ : ધમાર**

राग कान्हरो तुमही पें सुनियत, सुनि वृषभाननंदनी राधे।। तान बंधान अनुपमगतिसो, करत सुन्दरी मोमन साधे।।१।। कोककला संगीत निपुनरी उघटत शब्द ताताथेईताधे।। कृष्णदास गिरिधरन प्रशंसित, कहा कहों रससिंधु अगाधे।।२।।

।।१।। गान करत ब्रज की बाम, सप्त सुरन तीन ग्राम, अंग अंग अभिराम, मन्मथ मन लाजैंरी ।। मंद मंद हास करै, रीझिरीझि आँकौ भरै, नयनन मध्य लेत मान, अति सुदेश छ़ाजैंरी ।।२।। युवती जन नृत्य करैं, स्यामग्रीव भुजा धरै, श्यामासंगीत उघट, रसही रस साजैंरी ।। धिधिकिटता धिधिकिटता धिलां धिलां धिलां, धिधिकिट धिधिकिट थेई थेई, गिडगिड तक बाजैंरी ।।३।। ररर‌ैंन रीझ रही, य य यमुना थकित भई, चचचचंद, गगगगन, पपपपपश्चिम रथ न, भाजैंरी ।। कृष्णदास प्रभु विलास, बरसत नव रुप रास, बृन्दाबन वर विलास, रंग बढ्यौ आजैंरी ।।४।।

**(૧૧) મંડલ મધ્ય રંગભરે શ્યામા-શ્યામ રાજેરી ......**

વૃંદાવનમાં રાસનો રસ એની ચરમ સીમાએ પહોંચ્યો છે. શરદની એ પ્રફુલ્લિત



Scanned by CamScanner

રાત્રિ એની પ્રસન્નતા ચારેકોર વરસાવી રહી છે. યમુનાના નીર, પ્રભુની આ લીલાનાં દર્શન કરતાં થંભી ગયાં છે, અને ચન્દ્રમાં પશ્ચિમ તરફ ગતિ કરવાનું ભૂલી ગયો છે. આવી રંગભર રાત્રિએ, રાસમાં વિલસતાં, રસભીનાં શ્યામા અને શ્યામ શોભી રહ્યાં છે. આધિદૈવિક રસ રેલાઈ રહ્યો છે. અને ગોપિકાઓનાં અનંત મંડળો આ દીવ્ય રસ માણી રહ્યાં છે.

આ સમગ્રપદ એના શબ્દાનુપ્રાસ, અત્યાનુપ્રાસ અને શબ્દો તથા વર્ણોના પુનરુચ્ચારણથી એક વિશિષ્ટ ચમત્કૃતિ ઉત્પન્ન કરે છે. એટલુંજ નહીં આ પદદ્વારા એ પણ ફલિત થાય છે કે કૃષ્ણદાસજી ઉચ્ચકોટિના ભક્તતો છે જ - (કારણકે એમને પ્રભુની આવી ઉત્કૃષ્ટ રાસલીલીનાં દર્શન થઈ રહ્યા છે.) સાથે તેઓ એક ઉચ્ચકોટિના સંગીતજ્ઞ અને કવિપણ છે. રાગ અડાનાના સુરોમાં અને તાલ ઝપતાલમાં નિબદ્ધ આ પદ દ્વારા. રાસખેલના ભાવનાત્મક દર્શન કરી ધન્ય બનીએ.

**રાગ : અડાના** **તાલ : ઝપતાલ**

मंडल मध्य, रंग भरे, श्यामा श्याम, राजैंरी ।। ध र र र र र र र र र र र र मुरली घोर गाजैंरी

## (૧૨) અદ્‌ભુત નટ ભેખધરે યમુનાતટ શ્યામસુંદર ગુણનિધાન ગિરિવરધર રાસરંગ નાચે ।

શ્રુતિરુપા, ઋષિરુપા, કુમારિકા, અન્યપૂર્વા - આદિ ગોપિકાઓને ઈચ્છિત ફલનું દાન દેવા, આજે પ્રભુએ અદભુત નટવેશ ધારણ કર્યા છે. નિર્ગુણ પરમાત્મા, સગુણ. સાકાર સ્વરુપે, યુવતિજનોને રસદાન દેવા મધુર મધુર મુરલીનાં સૂર છેડી, ગોપિકાઓ સાથે મૃંદગના ઠેકે નૃત્યકરી રહ્યા છે. એમનાં તાલમાં તાલ મિલાવતાં - સંગીતના સામ્રાજ્ઞી, રાગગાનનાં રાણી અને રસકલાના રંભા - શ્રી સ્વામિનિજીનું દર્શન કરી ભક્ત કવિ શ્રીચત્રભુજદાસજી ધન્ય બન્યા છે.

રાગ કેદારના સૂરો છે. તાલ છે. ચૌતાલ

**રાગ : કેદાર** **તાલ : ચૌતાલ**

अद्‌भुत नटभेख धरे, यमुना तट, श्यामसुन्दर, गुणनिधान, गिरिवरधर, रासरंग ... नाचें ।। युवती यूथ संग लिये, गावत केदारो राग, अधर वेणु मधुर मधुर सप्त स्वरन साचें ।।१।। उरपतिरपलागडाट, ततततततथेई, थेई, उघटत शब्दावली गति,



Scanned by CamScanner

भेद कोऊ न बाँचै, चत्रभुज प्रभु बनबिलास, मोहे सब सुर अकाश, निरख थक्यौ, चंदकोरथ, पश्चिम नहीं खाँचें ।।२।।

## (१३) पिय कों नचवन सिखवत प्यारी ....

સ્વામિનિજીની અનુપપ છબિનાં દર્શન કરાવતું આ એક અદ્ભુત પદ છે. વાદ્યકલામાં પ્રવીણ, લલિતાદિ સખિઓ, વિવિધ વાજીંત્રો વગાડી રહ્યાં છે. શરદની આ સુભગ રાત્રિએ, સ્વામિનિજી - સકલકલાનિધાન, નટનાગર, રાસેશ્વરપ્રભુને નૃત્યકલા શીખવાડી રહ્યાં છે. તે પણ હસ્તમાં છડી ધારણ કરીને. અને ચુક થતાં જ, શિક્ષા મળશે એવા ભયથી ભયભિત બનેલા પ્રભુ ડરી રહ્યા છે.

આ દશ્યનું દર્શન કરતાં ખગ-મૃગ સર્વતો સાન-ભાન ભુલ્યા જ છે અને સ્વામિનિજીની આ અદ્ભુત, અવર્ણનિય છબિનું દર્શન કરી, વ્યાસદાસજી તો આનંદથી ઝૂમિ ઊઠયાં છે.

રાગ બિહાગનાં સૂરો છે. તાલ છે ધમાર.

પદનાં બોલ છે - પિયકો નચવન સિખવત પ્યારી

વૃંદાવનમેં રાસ રચ્યો હૈ શરદરૈન ઉજિયારી.



Scanned by CamScanner

રાગ : બિહાગ                                                    તાલ : ધમાર

पिय कों नचबन सिखवत प्यारी।। बृन्दावन में रास रच्यो हे, शरद रेन उजियारी।।१।। ताल मृदंग उपंग बजावत, अति प्रवीन ललितारी ।। रूप भरी गुण हाथ छरी लियें, डरपत लालबिहारी ।।२।। वीणा वेणु नूपुर ध्वनि वाजत, खग मृग बुद्धि विसारी ।। व्यास स्वामिनी की छवि निरखत, रीझ देत करतारी ।।३।।

**(१४) श्याम सजनी शरद रजनी पुलिन मध्य नृत्य नाटता ....**

અષ્ટસખાઓમાં, રાસના પદોના અધિષ્ઠાતા ગણાતા ભક્તકવિ શ્રીકૃષ્ણદાસજીની બાનીમાંથી પ્રગટ થયેલું આ પણ એક અતિસુંદર રાસનું પદ છે.

શ્યામ અને સજની, શરદની એ સંમોહક રાત્રિએ યમુના પુલિનપર નૃત્ય કરી રહ્યાં છે. ચંગ-ઉપંગ-મૃદંગ જેવા વિવિધ વાજિંત્રો વાગી રહ્યાં છે. જેમાંથી ઊઠતાં ભિન્ન ભિન્ન ધ્વનિઓ એકત્ર થઈ એક અતિ અદ્‌ભુત વાતાવરણ સર્જી રહ્યા છે,



Scanned by CamScanner

અને વાદ્યોમાંથી ઉદઘોષિત થતા ધ્વનિના વારંવારના પુનરુચ્ચારણથી એક વિશિષ્ઠપ્રકારની ચમત્કૃતિનું નિર્માણ થાય છે. જેનાં શ્રવણથી રસિકશ્રોતાઓનું હૃદય આનંદથી સ્પંદિત થઈ ઊઠે છે.

રાગ ઈમનના સ્વરોમાં અને તાલ ચૌતાલ ના ઠેકે આ પદના રસમાધુરીમાં ખોવાઈ જઈએ.

**રાગ : ઈમન** **તાલ : ચૌતાલ**

श्याम सजनी शरद रजनी, पुलिन मध्य नृत्य नाटतां तृगतातां तृग तिरप बंद करत कामिनी ।। गिड़गिड़ां गिड़गिड़ां, गिड़गिड़गिड़गिड़गिड़ा, धीधीकिटता लागदई, झांझांझां झननननननन सुर उपंगनी ।।१।। श्यामा को यह नाद भावे, तांत्रगता तांत्रगता गतिहि लावे, ततततततत शब्द लेत, को कामिनी ।। कृष्णदास यशहि गावे, कर ताथेई थेई नचावे, काकृति काकृति काकृति काकृति करे मृदंगनी ।।२।।



Scanned by CamScanner

## (૧૫) ततथेई ततथेई तततताथेई । नाचत गावत गोपि नानानई ।।

ભકતકવિશ્રી કૃષ્ણદાસજીની જ બાનીમાંથી પ્રગટ થયેલું આ પણ એવું જ સુંદર રાસનું પદ છે. જે ભકતકવિની અદ્દભુત કવિત્વશક્તિ અને સાહિત્યિક સુઝના દર્શન પણ કરાવે છે. આખા એ પદમાં આલેખાયેલો અંત્યાનુપ્રાસ ધ્યાનાકર્ષક છે. પ્રત્યેક પંક્તિમાં શબ્દોની ગોઠવણી એટલી સુંદર રીતે કરવામાં આવી છે કે એની અર્થસભરતામાં ક્યાંય ક્ષતિ થતી નથી.

મનને આનંદિત કરનાર રાગ ગોરીના સૂરોમાં અને ત્રિવટ તાલમાં જ ગૂંથાયેલા આ પદને માણિયે.

**રાગ - ગોરી** **તાલ - ત્રીતાલ**

ततथेई ततथेई तततताथेई ।। नाचत गावत गोपी नानानई ।।१।। मृदंग धीधीकटि द्रामद्राम द्रई ।। त्रिवट ताल गति, लेत नई नई ।।२।। गोवर्द्धनधारी लाल, रीझे अति सई ।। कृष्णदास प्रभु प्यारी, आँको भरलई ।।३।।



Scanned by CamScanner

## (૧૬) "નાચ્યો બહોત ગોપાલ અબમૈં નાચ્યો બહોત ગોપાલ -"

ભકત કવિ સૂરદાસજીનું આ આશ્રયનું પદ સર્વ વૈષ્ણવોના મનની ભાવનાને વાચા આપી જાય છે. પ્રભુના વેણુનાદની અને રાસદર્શનની ઈચ્છા રાખનાર સાચો વૈષ્ણવ એજ ઝંખે છે કે હે પ્રભુ કંઠમા વિષયની માળા પહેરી, કામ અને ક્રોધનો અંચળો ઓઢી, આ પ્રપંચની માયાજાળમાં ફસાઈને ખૂબ ખૂબ નાચ્યો. તૃષ્ણાઓ રૂપી વિવિધ તાલના ઠેકે અને આ ભ્રમર જેવા ચંચળ મનરૂપી પખાવજ ઉપર જીવનભર થાપ આપતો જ રહ્યો છું. મહા મોહનાતો મેં નૂપુર ધારણ કર્યાં છે. અને આમ આખી જીંદગી નાચતો જ રહ્યો છું. પરંતુ હે કૃપાનિધાન હવે આમાંથી છોડાવી, એક પુષ્ટિ વૈષ્ણવ જેની સદૈવ ઝંખના કરે છે, એવી આપની દીવ્ય રાસલીલાનાં દર્શન કરાવો.

રાગ રાગેશ્વરીના સૂરો છે. તાલ છે તીનતાલ.

आश्रय नुपद्



Scanned by CamScanner

રાગ : રાગેશ્વરી **તાલ : તીનતાલ**

अब मैं नाच्यौ बहुत गोपाल ।। काम क्रोध को पहर चोलना कंठ विषय की माल ।।१।। तृष्णा नाद करत घट भीतर, नाना विध के ताल ।। भ्रम भर्यो मन भयौ पखावज, चलत असंगत चाल ।।२।। माया को कटि फेटा बाँध्यो । लोभ तिलक दियौ भाल ।। महा मोह के नुपूर पहेरं, निन्दा शब्द रसाल ।।३।। कोटिक कलाकाछ दिखराई।। जल बल सुधि न रही, तिहि काल ।। सूरदास की सबै अविद्या दूर करौ गोपाल ।।४।।

શ્રી વલ્લભ કરૂણા કરકે મોહે કીજે

પ્રભુના દીવ્ય રાસરમણની સ્પૃહા રાખનાર, અષ્ટસખાઓમાંના એક, ભકતકવિ શ્રી ગોવિંદદાસજીની બાનીમાંથી પ્રગટ થયેલું આ એક બીજું આશ્રયનું પદ છે.



Scanned by CamScanner

આપશ્રી એજ વિનંતી કરે છે કે હે પ્રભુ, આપતો પુરણ કાય છો. તો મારો વ્રજમાંવાસ કરાવો. આપના સેવકજનોનો સદૈવ સાથ અપાવો. અને ભક્તકવિની પ્રાર્થના મુજબ અમને પણ ''દીજે દીવ્ય દેહ ગોવિંદકો ઈનદગ નિરખું અનુદિન રાસ.''

**રાગ : તિલંગ** **તાલ : ત્રિતાલ**

श्री वल्लभ करुणा करके मोहे कीजे निज दासन को दास ।। पूरण काम हैं नाम तिहारो, इतनी मो मन पूर हो आस।।१।। निहारी कृपा कटाक्ष तें दुर्लभ पाईये, सुलभ करो व्रजवास ।। तिहारे सेवकजन संगत विनु निशदिन मो मन रहत उदास ।।२।। श्री वृन्दावन गीरी गोवर्धन, श्री यमुनातट करुं निवास ।। श्री हरि वदन चंद सु विमल यश, गान करत सुर सदा अकास ।।३।। कृपा निधान कृपा कर दिजे, सो सब लोक मिटे उपहास ।। दीजे दिव्य देह गोविंद को ईन द्रग निरखों, अनुदिन रास ।।४।।



Scanned by CamScanner

(૧૮) આશ્રયના આ પદ સાથે જ રાસનાં પદોની કેસેટ તથા સીડી "શ્યામ-સજની શરદ રજની" નું અહીં સમાપન થાય છે. આં. પુ. મા. વૈષ્ણવ પરિષદના સર્વે આયોજકોના, કેસેટના આ કાર્યમાં પરિષદને સહયોગ આપનાર, પ. ભ. ભાઈશ્રી હર્ષદભાઈ પોરેચા તથા પ.ભ. ભાઈશ્રી વંશ હરિદાસ ભાઈનાં, કીર્તનકાર શ્રી. જમનાપ્રસાદજી શર્માના વાદ્યવૃંદના કલાકારો - પખાવજવાદક પ્રકાશ જોષી શ્રી. સારંગી વાદક શ્રી. સંદીપ મિશ્રાના, હારમોનિયમ વાદક શ્રી. વિદુર પ્રસાદ ગૌતમના બાંસુરીવાદક શ્રી. ભઘવતિપ્રસાદ ભટ્ટના લેખિકા તથા ઉદ્‌ઘોષિકા શ્રીમતી કલ્પના શાહના, તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહાયકરનારના સર્વ વૈષ્ણવોને સાદર ભગવત સ્મરણ.

✤ ✤



Scanned by CamScanner